# <u>ક્રિમીનલ કેસ નં.૬૪૩/૨૦૧૮ ના કામે આંક-૧ લગત હુકમ</u>

હાલના કેસમાં વિ.એ.પી.પી.શ્રી દ્વારા **<u>આંક-૪</u>** થી વિડ્રો પુરશીસ રજુ કરેલ છે. આ તબકકે ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૩૨૧ વંચાણે લેતા હાલનું કામ શ્રી સરકાર તર્ફે ચલાવવાનું બંધ કરી પરત ખેંચવામાં આવતું હોય, હાલનો કેસ વિડ્રો કરવા માટે પરવાનગી આપવામાં આવેલ છે. જેથી હાલનો કેસ **<u>આંક-૦૪</u>** ની વિડ્રો પુરશીસ ધ્યાને લેતાં ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## ◄ હુકમ ►

➢ હાલનો કેસ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૩૨૧ અન્વયે આંક-૦૪ ની વિડ્રો પુરસીશ આધારે ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

➢ કબજે લેવામાં આવેલ પ્રોહીબીશન મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નિયમોનુસાર નાશ કરવો. તેમજ મુદ્દામાલ વાહન તથા મોબાઇલ ફોન જો કોઇ હોય તો તે અંગે જો અગાઉ કોઇ હુકમ કરેલ હોય તો તે આથી યથાવત રાખવાનો હુકમ કરવામાં આવે છે, અન્યથા સદરહું મુદ્દામાલની માલિકીની ખરાઇ કરી તેના માલિકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે, તેમજ અપીલ સમય બાદ છ માસમાં જો કોઇ માંગણી કરવામાં ન આવે તો નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ રોકડ રકમ જો કોઇ હોય તો તે સરકાર જમા લેવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ **અગિયારમી** માહે **જુલાઈ** સને **૨૦૨૬** ના રોજ અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહિ કરી જાહેર કર્યો.

તા.૧૧/૦૭/૨૦૨૬ — ( **જે. જી. પટેલ** )

માંગરોળ. — એડી. જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ,

માંગરોળ

**GJ 01699**